
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ


પ્રકાશન દર માસની ૫ તારીખે ● સળંગ અંક ૪૪૮ ● માર્ચ - ૨૦૨૩

રૂા. ૫-૦૦/-






# આગામી ઉત્સવ નિમીત્તે વિવિધ આયોજનો



## શ્રી નરનારાયણદેવ જયંતીના દિવસે ભવ્ય રથયાત્રા

**ફાગણ વદ-૧ સંવત્ ૨૦૭૯ તા.૦૮-૦૩-૨૦૨૩ બુધવાર**

આજ રોજ કચ્છ તથા ગુજરાત જયાં ભુજ મંદિર હેઠળ મંદિરો, સત્સંગ સભાઓ, યુવક મંડળો, વિશ્રાંતિ ભવનો ચાલે છે એ દરેક સ્થળેથી ભક્તો ભુજ નગર પધારશે. ભુજ શહેરમાં આ રથયાત્રા ૫ માર્ગોથી પ્રવેશ કરશે. ભવ્ય રથો બનાવેલ હશે અને ભગવાન શ્રી નરનારાયણદેવ બિરાજી સમગ્ર આવેલ ભક્તો તથા શહેરના ભાવિકોને પોતાના દર્શન આપી અનુગૃહિત કરશે.

આપના ગામમાં સૂચના આવે એ પ્રમાણે ૫ માંથી જે માર્ગમાં જોડાવાનું સૂચન આવે એ માર્ગમાં ઉત્સાહ પૂર્વક જોડાઇ આપણા આરાધ્ય શ્રી નરનારાયણદેવના પ્રાગટ્ય દિવસની શુભકામના પ્રાપ્ત કરવાની છે. ધૂળેટી હોવાથી સ્કૂલમાં રજા હશે. ગામમાં પાંખી હશે. કદાચ કામ કરવાના હોય તો આઘા પાછાં કરી આ પ્રસંગમાં અચૂક હાજરી આપી ભાગ્યવાન થવા ભાવભીનું આમંત્રણ છે. દરેક ગુરુકુળો કન્યાવિદ્યા મંદિરો, કન્યા હોસ્ટેલો દરેક જગ્યાએથી બાળકો - બાલિકાઓ ભાગ લેશે અને આ ઉત્સવ અવિસ્મરણીય બનાવશે.

## કચ્છ જિલ્લાના વિવિધ સંપ્રદાયના સંતોનું સંત સંમેલનમ્

**સમયઃ- સવારે ૯ થી ૧૨**

સંવત્ ૨૦૭૯ ફાગણ વદ -૧૨ તા. ૧૯-૦૩-૨૦૨૩ રવિવાર આજ રોજ કચ્છ જિલ્લના અનેક વિસ્તરોમાં પ્રાચીન મંદિરોના મહંતો, મઠાધીશો, સમાજ ગુરુઓનું ભુજ મંદિરમાં સંમેલન સાથે પૂજન કાર્ય  રાખેલ છે. સંતોનું પૂજન આશીર્વાદ અને એમના વિચારો આપણને સૌને સાંભળવા મળશે. આટલું ભવ્ય સંમેલન કચ્છમાં ભુજ મંદિર દ્વારા પ્રથમવાર થઈ રહ્યું છે. આ સંમેલનમાં આપ સૌ આમંત્રિત છો.

## વિદ્વત્સંસ્કૃત સંમેલન

સૌ પ્રથમવાર ભુજ મંદિરમાં સંવત્ ૨૦૭૯ ફાગણ વદ-૧૦ તા. ૧૭-૦૩-૨૦૨૩ થી ૧૯-૦૩-૨૦૨૩ શુક્ર, શનિ,રવિ આ ત્રણ દિવસ કાશી, બેંગલોર, ગુજરાત, કચ્છના પ્રતિષ્ઠિત સંસ્કૃતના વિદ્વાનો સાથે મળશે અને શ્રીજી મહારાજે માન્ય કરેલ શ્રી રામાનુજીય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત એવં સ્વામિનારાયણ સંપ્રદાય, શ્રીમદ્ભાગવત અને શ્રી નરનારાયણ  ભગવાન તથા ઉદ્ધવ સંપ્રદાય જેવા અનેક વિષયો ઉપર ચિંતનાત્મક ચર્ચા થશે, વિદ્વાનો પોતાનું વક્તવ્ય આપશે.

## ભવ્ય જોવાલાયક પ્રદર્શન ઉદ્ઘાટન

**સંવત્ ૨૦૭૯ ફાગણ વદ -૧૨ તા. ૧૯-૦૩-૨૦૨૩ રવિવાર**

**આજના શુભ દિવસે બપોર પછી ૪ વાગ્યે ભવ્ય પ્રદર્શનનું ઉદ્ઘાટન થશે.**

**આપ સૌને આ પ્રસંગે પધારવા નિહાળવા આમંત્રણ છે.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ यावज्जीवं च शुश्रूषा कार्या ॥

॥ मानव सेवा प्रभु सेवा ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ-૧૭, કુલ્લ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ ● અંક-૩ ● માર્ચ - ૨૦૨૩
વર્ષ-૪૦ ● સળંગ અંક - ૪૪૮

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીના શુભાશીર્વાદથી

-:: સંસ્થાપક ::-
અ.નિ.સ.ગુ.પુ.મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

-:: માલિક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

-:: તંત્રી ::-
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

-:: સહતંત્રી ::-
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી ● સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

-:: લવાજમ ::-
દેશમાં :- આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-
વિદેશમાં :- આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા.૧૦૦૧/-

-:: પ્રકાશક અને મુદ્રક ::-
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ વતી
શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રીસિદ્ધ કર્યું



**પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ, ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
મો. ૭૫૬૭૬ ૦૪૦૦૦

E-mail : sandesh@swaminarayan.faith
E-mail : info@swaminarayan.faith
Website : www.swaminarayan.faith


ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ





| | |
|---|---|
| ૦૧. તંત્રીની કલમે... | ૦૪ |
| **સત્સંગ સમાચાર - દેશ** | |
| ૦૨. સમૂહ લગ્નોત્સવ | ૦૫ |
| ૦૩. બદ્રિકાશ્રમ સભા મંડપ ભુમિ પૂજન | ૦૬ |
| ૦૪. શ્રી સ્વામિનારાયણ સેવા આશ્રમનું નિરક્ષણ | ૦૭ |
| ૦૫. ઉત્સવ માટે લાકડાની તૈયારી | ૦૮ |
| ૦૬. ગૌમહિમા પ્રદર્શન ભુમિ પૂજન | ૦૮ |
| ૦૭. શ્રી નરનારાયણદેવ મિટિંગ હોલ ઉદ્‌ઘાટન | ૦૯ |
| ૦૮. મહંત સ્વામી સાથે ૭૬ ડોકટરોની સભા | ૧૦ |
| ૦૯. મહોત્સવ ઉપક્રમે સ્ટીલ થાળી અર્પણ | ૧૦ |
| ૧૦. પ્રથમ મેગા મેડિકલ કેમ્પનું ભવ્ય આયોજન | ૧૧ |
| ૧૧. સ્મૃતિ વનમાં ૩૦૦૦ વૃક્ષારોપણ કરાયું | ૧૪ |
| ૧૨. ધાબળા તથા અનાજનું વિતરણ કરાયું | ૧૫ |
| ૧૩. મહોત્સવ ઉપક્રમે બાળકો બાલિકાઓને ચંપલ અર્પણ | ૧૬ |
| ૧૪. દ્વિતીય વાલી સંમેલન | ૧૬ |
| ૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર - અંજાર | ૧૯ |
| ૧૬. 'માતૃપિતૃ વંદના' કાર્યક્રમ ૨૦ | ૨૦ |
| ૧૭. ફરતાં દવાખાનાનો પ્રારંભ ૨૧ | ૨૧ |
| ૧૮. ત્રિરાત્રીય સત્સંગ સભા શાકોત્સવ - નખત્રાણા | ૨૨ |
| ૧૯. ૨૪મો વાર્ષિક પાટોત્સવ - વિલેપાર્લે (મુંબઈ) | ૨૩ |
| **સત્સંગ સમાચાર - વિદેશ** | |
| ૨૦. ૬૩મો વાર્ષિક પાટોત્સવ – મોમ્બાસા - | ૨૪ |
| ૨૧. ન્યૂઝિલેન્ડ ઓકલેન્ડ ખાતે ભૂમી પૂજન | ૨૬ |
| ૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર - ઈસ્ટ લંડન | ૨૭ |
| ૨૩. શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટ | ૨૭ |

# તંત્રીની કલમે...

સર્જનહારની લીલા અકળ છે. તેણે માનવમનની રચના એવી કરી છે કે તેને પણ ક્યાં જાણી શકાય છે? સગા - સંબંધીઓથી છોરાયેલો માનવ સગા તો બદલી નથી શકતો કારણ કે ત્યાં લોહીની સગાઈ છે. પરંતુ સંબંધીઓ બદલાતા રહે છે કારણ કે અળવીતરું મન સંબંધ ટકાવી જ નથી શકતું. પરંતુ જીવનમાં સાચા અને સારા સંબંધો હોવા જરૂરી છે. જેના પર ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા હોય તેને જ મૈત્રીપૂર્ણ સ્નેહભીનાં નિઃસ્વાર્થ સંબંધો સાંપડે છે. આવા સંબંધો સાચવવા અત્યંત આવશ્યક છે. તે માટે સજાગપણે કેટલીક બાબતો અપનાવો. સંબંધ નાજુક હોય છે તેને ટકાવવા કેટલુંક હસીને સાંભળીલો, કેટલુંક હસીને ટાળી દો અને કેટલુંક હસીને જતું કરો. મૈત્રીપૂર્ણ નિઃસ્વાર્થ સંબંધો મળવા મુશ્કેલ છે. યાદ રાખો કે સ્નેહની વર્ષા ત્યાં જ થાય છે જયાં લાગણીનાં વાદળ હોય અને સંબંધનું સુગંધી પુષ્પ ત્યાં જ ખીલે જયાં મનની માટી ભીંજાવા તૈયાર હોય. આવા સુંગધી પુષ્પોને ઉષ્મા અને માવજતથી સાચવશું તો જીવન તેની મધુરતાથી આનંદમય અને માણવા જેવી લાગશે. આવા સંબંધો વચ્ચે ભેદભાવ, સરખામણી કે અહંને કારણે સંઘર્ષ ઊભો થવાની શક્યતા જણાય ત્યારે મધુર સંબંધોની મીઠાશ જાળવવા બીજાને સંભળાવો ઓછું પણ સાંભળો વધુ, તેથી વિશેષ કે તેને સમજો વધુ. ઉત્તમ બાબત તો એ છે કે મૌન ધારણ કરી લો કારણ કે જેમ ખોટા ખર્ચા જીવનની રીત બગાડે છે તેમ ખોટી ચર્ચા સંબંધોની પ્રીત બગાડે છે. તેથી મૌન રહેવું. તેમજ મન પર ન લેવું. સંબંધોમાં સમાધાન વૃત્તિ અનિવાર્ય છે. જો પરસ્પર વિશ્વાસ જળવાઈ રહેશે તો ગેરસમજ નહીં થાય અને સંબંધો ટકી રહેશે. જયાં સાચો સંબંધ હોય ત્યાં સંબંધીના હિત ખાતર ખોટું લાગી જાય તેવું સત્ય બોલવામાં વાંધો નહીં પરંતુ સત્ય લાગે તેવું ખોટું તો કયારેય પણ ન બોલવું. સંબંધોની વચ્ચે અહં કે ગુસ્સાને ન આવવા દેવા. કારણકે અભિમાન અને ક્રોધ બંને વિનાશ સર્જે છે. વર્ષોનાં મીઠા સંબંધો પળવારમાં ટૂટી શકે છે અને પાછળ પસ્તાવોજ રહે છે. સંબંધો નિખાલસ હોવા જોઈએ તેમાં મારું તારું કે સોરી - થેંકસને સ્થાન નથી. આવા સંબંધો મળવા એ શ્રીહરિની કૃપા મળ્યા સમાન છે.

જીવનને હર્યુંભર્યું રાખવાની પરમ કૃપા કરનાર શ્રીહરિને પણ સદાય મનમાં વસાવી લેવાના છે. તેને સંપૂર્ણ સમપિર્ત થઈને ભજવાના છે. જેમ મધુર સંબંધોમાં અનેક વિઘ્નો આવવા છતાં તે નિઃસ્વાર્થ હોવાથી ટકી રહે છે તેમ ભક્તિભાવ પણ વિશુદ્ધ હોવાથી તેમાં આવતી અડચણોથી બિલકુલ ચલિત થવાનું નથી અને અડગ આસ્થા સાથે શ્રી નરનારાયણદેવમાં વિશ્વાસ રાખી પૂર્ણ ભરોસા સાથે તેની સાથે સદાય જોડાયેલા રહેશું તો જીવન સાર્થક થયું ગણાશે.

નિખાલસતા અને એખલાસ જીવનનો ભરપુર આનંદ માણવા માટે અતિ આવશ્યક છે. તેનાથી મનમાં હર્ષોલ્લાસ, ઉમંગ અને ઉત્તેજનાનો આવિર્ભાવ થાય છે. શ્રી સહજાનંદ સ્વામીએ, શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ માણવાનો અવસર આપ્યો છે. તો સૌ સંબંધીઓ અને પરિવાર સાથે આ મહોત્સવનો ઉત્સાહભેર આનંદ લઈએ. ઈષ્ટદેવ પ્રત્યેની ભક્તિની દ્રઢતા અને અડગ આસ્થા અભિવ્યક્ત કરીએ.

જય શ્રી સ્વામિનારાયણ

# સત્સંગ સમાચાર - દેશ

## સમૂહ લગ્નોત્સવ

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે તારીખ ૨૬-૦૧-૨૦૨૩ ના રોજ સત્સંગીઓના ૬૮ દીકરા દીકરીઓના ભુજ મંદિરે સમુહ લગ્ન યોજી લગ્ન જીવનમાં જોડયા હતા. સવારે ૮:૦૦ વાગ્યે કન્યા વિદ્યા મંદિરના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજ લહેરાવાયો ત્યારે આ ૬૮ યુગલો અને મોટી સંખ્યામાં સંતો તથા અનેક હરિભક્તોની ઉપસ્થિતિ હતી. ભૂદેવ દ્વારા લગ્નની વિધિ વિધાન બાદ બપોરે ૧૨ કલાકે પૂજ્ય સંતોના સાનિધ્યમાં પહેરામણી સાથે મહંત સ્વામીના આશીર્વાદ પત્રરૂપે આપવાનો કાર્યક્રમ રાખ્યો હતો. પૂજ્ય મહંત સ્વામી, ઉપમહંત સ્વામી ઓસ્ટ્રેલિયા હોવાથી ટેલીફોનિક આશીર્વાદ પાઠવ્યા હતા. ૨૫ હજારથી વધુ ભક્તોએ આજના દિવસે ભક્તો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. કચ્છ સાંસદ માનનીય વિનોદભાઈ ચાવડા, ભુજ ધારાસભ્ય માનનીય કેશુભાઈ પટેલ, અબડાસા વિધાનસભા ધારાસભ્ય માનનીય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા તથા સામાજિક વડીલોની ઉપસ્થિતિ હતી. આ સમૂહ લગ્ન ઉત્સવના યજમાન ગામ કેરાના હાલે ટાંઝાનિયા મોશીના પ.ભ. રાવજીભાઈ ગોવિંદભાઈ વરસાણી સપરિવારે રહી લાભ લીધો હતો પૂજ્ય સંતોએ યજમાન પરિવારને શુભ આશીર્વાદ સાથે પહેરામણી કરી હતી નવ દંપતિઓને સંતો તથા સાં.યો. બહેનોએ ભલામણ સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને સંસારમાં ભલે રહો પણ સત્સંગ જીવનમાં ગતિ ન જાય, ભારતીય સંસ્કારોનું મૂલ્ય ઘટી ના જાય એવી ભલામણો સાથે રોજ ઘરે પરિવાર સાથે મળી ઘર સત્સંગ સભા કરવા માટે પુસ્તિકા અર્પણ કરાઈ હતી. શ્રી નરનારાયણદેવના ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં. આ સમૂહ લગ્નમાં એમને સંતોએ દર્શન - આશીર્વાદનો લાભ આપ્યો એ બદલ બધા જ યુગલો પોતપોતાને ધન્ય ધન્ય માની સંતોની ભલામણ સાથે મંદિર દર્શન કરી વિદાય થયા હતા.












## બદ્રિકાશ્રમ સભા મંડપ ભૂમિ પૂજન

ભગવાન શ્રી નરનારાયણદેવની અસીમકૃપા અને મહંત સ્વામીના રૂડા આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં મુખ્ય વિશાળ સભા મંડપ બદ્રિકાશ્રમનું નિર્માણ કરવામં આવશે. તા. ૦૬-૦૨-૨૦૨૩ સોમવારનાં રોજ મહંત સ્વામી દ્વારા આ વિશાળ સભા મંડપનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ અવસરે પૂ. મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, આદિ મોટી સંખ્યામાં સંતો, મુરજીભાઈ શીયાણી, રામજીભાઈ વેકરીયા આદિ ટ્રસ્ટી મંડળ, હરિભક્તો, સાં.યો. બહેનો, શાળાની વિદ્યાર્થીની બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

૩૮૦ x ૮૦૦ ફૂટ વિશાળ સભામંડપનું નિર્માણ કરવામાં આવશે જેમાં ૮૦,૦૦૦ જેટલા હરિભકતો કથા શ્રવણ કરી શકશે અને સભામંડમાં ભુજ મંદિરના વિદ્વાન સંતો દ્વારા કથા, ૨૦૦ સંહિતા પાઠ તેમજ અનેક દિવ્ય આયોજનો થશે.

ભારત અને પરદેશથી આવેલા સંતો, હરિભક્તો દર્શનનો લાભ લઈને પોતાનાં જીવનને ધન્ય બનાવશે. ૧૦ દિવસ ચાલનારા આ દ્વિશતાબ્દી મહોત્સવનો લાભ લઈને ભક્તોજનોને પ્રભુચીંધ્યા માર્ગે પોતાનું જીવન ઉજાગર કરવાની પ્રેરણા મળશે. કાર્યક્રમનું સંચાલન સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું











પ્રદર્શનનું નિરીક્ષણ કરતાં પૂ. મહંત સ્વામી





## શ્રી સ્વામિનારાયણ સેવા આશ્રમનું નિરીક્ષણ

ભુજ મંદિર દ્વારા કચ્છ સત્સંગના જરૂરીયાત વાળા હરિભક્તો જેમની આગળ પાછળ પરિવાર કે સમાજનું કોઈ સાર સંભાળ રાખનાર નહીં હોય એવા ભક્તો માટે આ સેવા આશ્રમ તૈયાર થઈ રહ્યો છે. એમની મુલાકાત લેવા પૂજય મહંત સ્વામી પધાર્યા ત્યારે રાજીપો વ્યક્ત કર્યો હતો કે ૧૦૦ જણનો સમાવેશ આ સેવા આશ્રમમાં કરી શકીશું. જેમાં મંદિર, ભોજનાલય, બગીચો, દવાખાનું, લાયબ્રેરી વગેરેની સુવિધાઓ હશે.









# ઉત્સવ માટે લાકડાની તૈયારી

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં આવનાર ભક્તો માટે રસોડામાં ઉપયોગ થનાર બળતણની તડામાર તૈયારી ચાલી રહી છે. નડિયાદ ગુજરાતથી તેમજ આજુ બાજુના ગામના હરિભક્તો , બહેનો તથા સાં.યો. બહેનો ખૂબજ સેવા કરી મહારાજને રાજી કરી રહ્યા છે.

સેવા કરતા ભક્તોને દર્શન આપવા મહંત સ્વામી પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. લગભગ ૨૫ હજાર મણનો જથ્થો તૈયાર રખાયો છે.









# ગૌમહિમા પ્રદર્શન ભૂમિ પૂજન

તા.૦૬-૦૨-૨૦૨૩ ઉત્સવ દરમિયાન અનેક આયોજનોમાંનું એક અદ્‌ભુત આકર્ષણનું કેન્દ્ર ગૌ મહિમા પ્રદર્શન હશે. આ પ્રદર્શનની શરૂઆત કરતાં પહેલાં પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતો અને ટ્રસ્ટીશ્રીઓ તથા પ્રદર્શન સંચાલક સંતોના સાનિધ્યમાં ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શન જગ્યા ૩૫૦ X ૫૦૦ ફુટ માં હશે.







## શ્રી નરનારાયણદેવ મિટિંગ હોલ ઉદ્‌ઘાટન

ભગવાન શ્રી નરનારાયણદેવની અસીમકૃપા અને મહંત સ્વામીના રૂડા આશીર્વાદથી આજ રોજ તા.૦૬-૦૨-૨૦૨૩ સોમવારના સવારના ૮.૦૦ કલાકે ઘનશ્યામ મહારાજની દિવ્ય મૂર્તિની આરતી બાદ શ્રી નરનારાયણદેવ મિટિંગ હોલનું મહંત સ્વામીના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કો. પાર્ષદ જાદવજી ભગત, કો. સ્વામી દેવપ્રકાશદાસજી,આદિ નાના મોટા સર્વે સંતો તથા ટ્રસ્ટી મંડળ ઉપસ્થિત રહ્યાં હતા. તૈયારીમાં સેવા કરનાર સંતોને મહંત સ્વામીએ પુષ્પમાળા પહેરાવી આશીર્વાદ પાઠવ્યા હતા.

મિટિંગ હોલ સંસ્થાના અનેક કાર્યો સંતો અને હરિભક્તો સાથે મળી કરવાના હોય, ત્યારે આ હોલમાં સંકડાશ થતી. અત્યારે આ હોલ ખૂબજ ઉપયોગી થશે.

પરદેશમાં બેઠેલા સંતો, હરિભક્તો, પાર્ષદો સાથે પણ આ હોલમાં આવેલાં અત્યંત આધુનિક ઉપકરણો દ્વારા ચર્ચા વિચારણા અને મીટીંગ થઈ શકશે.









# મહંત સ્વામી સાથે ૭૬ ડોક્ટરોની સભા

ભગવાન શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તા. ૦૯-૦૨-૨૦૨૩ ગુરુવારનાં રોજ મેગા મેડિકલ કેમ્પમાં જોડાયેલા દરેક વિભાગનાં ડોકટરની એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, જાદવજી ભગતે ભલામણ સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આભારવિધિ અનિલભાઈ ગોરે કરી હતી.

શ્રી નરનારાયણદેવ મેગા મેડિકલ કેમ્પ સમગ્ર કચ્છ વિસ્તારના લોકોને અનેક બિમારીથી રોગમુક્ત કરશે. લોકોનું આરોગ્ય સુધરશે, સાથે માનસિક, શારીરિક પીડારહીત થશે. સભા બાદ ડોકટરોને મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. સભા સંચાલન સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યું હતું.







# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે સ્ટીલ થાળી અર્પણ

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે કચ્છ અબડાસા વિસ્તારના રવાપર ગામે ગામની પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજનમાં ઉપયોગ આવે એવી સ્ટીલની થાળી અર્પણ કરાઈ હતી. પૂજ્ય મહંત સ્વામીની ઉપસ્થિતિમાં આ થાળીઓ બાળકો અને શિક્ષકોને અર્પણ કરાઈ હતી. બાળકોને ભલામણ સાથે સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. બંને વસ્તુઓ ચંપલ થાળીના સેવક પ.ભ. નારણભાઈ વેલજી ભુડીયા ધ.પ. પ્રેમીલાબેન, સુપુત્ર મયુરભાઈ ધ.પ.મિક્ષાબેન નારણપર હાલ લંડન રહ્યા હતા. આ રીતે કચ્છની અલગ અલગ શાળાઓમાં બે બે હજાર ચંપલ જોડી,બે હજાર થાળી અર્પણ કરાશે. - શંકરભાઈ સાંખલા રવાપર





# પ્રથમ મેગા મેડિકલ કેમ્પનું ભવ્ય આયોજન સંપન્ન



તા.૧૨-૦૨-૨૦૨૩ રવિવારના રોજ ભુજ મંદિરમાં બિરજતા શ્રી નરનારાયણદેવના ૨૦૦મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉજવાવનાર ૯ દિવસીય શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં પ્રથમ મેડિકલ કેમ્પ નખત્રાણા તાલુકાના રવાપર ગામે યોજાયો હતો. સવારે ૮ વાગ્યાથી જ દર્દીઓની લાઈન લાગી હતી. સુખપર તથા બળદિયાના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળના સભ્યો રજીસ્ટ્રેશન તથા અન્ય સેવામાં લાગી ગયા હતા. ડોક્ટરો પણ સમય ઉપર પધારી પોત પોતાના વિભાગમાં સેવામાં લાગી ગયા હતા. ૨૨ વિભાગોની વ્યવસ્થા કરાઈ હતી. જેમાં ૪૬ ડોક્ટરો ભુજ, ગાંધીધામ, માંડવી, અમદાવાદથી જોડાયા હતા. ૯:૦૦ વાગ્યે આ કેમ્પનું દીપ પ્રાગટ્ય કરાયું હતું. જેમાં પૂજ્ય મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, પૂજ્ય જાદવજી ભગત, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી સ.ગુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી, ભુજ મંદિરના કોઠારી પ.ભ. મુરજીભાઈ શિયાણી, સલાહકાર પ.ભ. રામજીભાઈ વેકરીયા, પ.ભ. કુંવરજીભાઈ પોકાર, નારણભાઈ કેરાઈ, અબડાસા વિધાનસભાના વિધાયક માનનીય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, સત્સંગ સમાજના પ્રમુખ હરિભાઈ ભગત, વીરજીભાઈ નાકરાણી તાલુકા પંચાયતના પ્રમુખ તથા અન્ય ગામોના સરપંચશ્રીઓ તથા વરિષ્ઠ નાગરિકો જોડાયા હતા.

દૂર દૂરના વિસ્તારમાંથી આવતા દર્દીઓનાં દર્દની તપાસ સાથે ડોક્ટરની સલાહ મુજબ લેબોરેટરી તેમજ રેડિયોલોજીની વ્યવસ્થા સ્થાનિકે જ કરવામાં આવી હતી. જેમ બને એમ દર્દીઓને અનુકૂળ પડે, અને દૂરથી ભુજ સુધી લાંબા ધક્કા ખાવા ન પડે એવી વ્યવસ્થા ગોઠવાઈ હતી. ૨૧૦૦ની સંખ્યામાંથી જુદા જુદા વિભાગના ૨૯૩ ઓપરેશનો કરવાનાં થયાં હતાં. ઓપરેશનોની પ્રક્રિયા ચાલુ છે. અંદાજ મુજબ એક કરોડથી વધુ રૂપીયાની સેવા આ કેમ્પમાં થશે એનો પૂજ્ય મહંત સ્વામીને રાજીપો છે. જેમાં આપ સૌ દેશ-વિદેશના નાના-મોટા હરિભક્તોએ આ મંદિરના ઉત્સવમાં સેવા કરી છે એમાંથી જ આ કાર્ય થઈ રહ્યું છે.

આપણા સત્સંગીઓ તો લાભાન્વિત થશે જ સાથે આપણા હિન્દુ ભાઈઓ તેમજ અન્ય જરૂરિયાત મંદ લોકોની પણ સેવા થશે. આ કેમ્પ સ્થળ રવાપર ગામમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ ભવનમાં રખાયું હતું અને સ્થાનિકે ૮ ગામના હરિભક્તો પ્રચારથી માંડી ભોજન સુધીની બધી જ સેવા ખૂબ જ તનતોડ મહેનત કરી હતી. સ્વયંસેવકો, મહેમાનો અને ડોક્ટરો માટે સવારે ઉપહાર, બપોરે મહાપ્રસાદની, વ્યવસ્થા સ્થાનીકે હરિભક્તોએ સંભાળી હતી આવેલ દર્દીઓ માટે પણ ઉપહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. જેને યજમાનોએ હરિભક્તો થઈ સેવા બજાવી હતી. મંડપના યજમાન સત્સંગ સમાજ તરફથી કરી સંતોનો રાજીપો મેળવ્યો હતો. આભારદર્શન સત્સંગ સમાજના પ્રમુખ પ.ભ. હરિભાઈ ભગત રવાપર હાલે મોરબી કરી હતી.








• સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી • સ.ગુ.કો. પાર્ષદ જાદવજી ભગત
-મોરબી, સાંસદ)
• મા. શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા
-અબડાસા, વિધાનસભા)




સરકારી સ્કૂલમાં મધ્યાન
ભોજન માટે બાળકોને
સ્ટીલની થાળી અર્પણ





























## ૩ જો મેગા મેડિકલ કેમ્પ - અંજાર

સંવત્ ૨૦૭૯ ફાગણ વદ - ૫ તા. ૧૨-૦૩-૨૦૨૩ રવિવાર અંજાર, ગાંધીધામ, આદીપુર, ભચાઉ વગેરે વિસ્તારના લોકો માટે ભુજ મંદિર દ્વારા શ્રી નરનારાયણદેવ મેગા મેડિકલ કેમ્પ યોજાશે. આપ સૌ કોઈ લાભ લઈ શકો છો.

**સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર - કચ્છ,**

**નામ નોંધણી કેમ્પના દિવસેજ કેમ્પ સ્થળે જ થશે. સમય સવારે ૮ થી ૧ રહેશે.**

## ૪ થો મેગા મેડિકલ કેમ્પ - રાપર

સવંત ૨૦૭૯ ચૈત્ર સુદ - ૫ તા. ૨૬-૦૩-૨૦૨૩ રવિવાર આજ રોજ મહોત્સવ ઉપક્રમે શ્રી નરનારાયણદેવ મેગા મેડિકલ કેમ્પ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ - રાપર મુકામે યોજાશે.

વાગડ વિસ્તાર એક અછતગ્રસ્ત બોર્ડરનો વિસ્તાર છે. જયાં મેડિકલની સુવિધા નહિવત છે આવા વિસ્તારના વધુને વધુ લોકો આ કેમ્પમાં જોડાય એવું ઇચ્છીએ છીએ.

**સમય : સવારે ૮ થી ૧ રહેશે. નામ નોંધણી કેમ્પ સ્થળે જ થશે.**

**સ્થળઃ- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ - રાપર કચ્છ**

# સ્મૃતિ વનમાં ૩૦૦૦ વૃક્ષારોપણ કરાયું

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે ભુજની શાન ભુજીયો ડુંગરમાં ભૂકંપ બાદ માનનીય  દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પે વિકાસના કાર્યોમાં ભુજીયા ડુંગરના વિકાસ માટે બહુ મોટી રકમ ફાળવી. ભૂકંપમાં ધામમાં ગયેલ લોકોની યાદમાં સ્મૃતિવન બનાવવાના સંકલ્પને સાકાર રૂપ અપાઈ રહ્યું છે. એમાં ભુજ મંદિર દ્વારા ૩૦૦૦ અલગ અલગ જાતના વૃક્ષોના રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે.૨૬-૦૧-૨૦૨૩ના રોજ સ્મૃતિવનમાં ભુજ મંદિરના સંતો અને ટ્રસ્ટીઓ તથા રાજકીય પુરુષો સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં સંતોએ પધારી વૃક્ષારોપણ કરી એનું સંવર્ધન સારી રીતે થાય એ માટે મંદિર તરફથી આર્થિક સહયોગ અપાયો છે. ગુજરાત રાજ્યના મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસુરિયા સાંસદીય બાબતો તેમજ પ્રાથિમક, માધ્યમિક, પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત ની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો


















# ઉત્સવ ઉપક્રમે જરૂરિયાત મંદ લોકોને બોર્ડર વિસ્તારના ભીરંડીયાળા, માધવનગર વગેરે ગામોમાં ધાબળા તથા અનાજનું વિતરણ કરાયું













## શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે બાળકો બાલિકાઓને ચંપલ અર્પણ

પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી કચ્છના અબડાસા વિસ્તારમાં ગડાણી ગામે ગામની સરકારી પ્રાથમિક શાળામાં ભણતા ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને ભુજ મંદિર દ્વારા ચંપલ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્વામી પરમહંસદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી દેવચરણદાસજી આદિ સંતો ભુજ મંદિરના ટ્રસ્ટી કુંવરજીભાઈ પોકાર, યુવક મંડળના સંયોજક, અબડાસા ઉપસ્થિત રહ્યા હતા. સ્વામી દેવચરણદાસજીએ ઉત્સવની રૂપરેખા સાથે આવવા આમંત્રણ આપ્યું હતું અને શિક્ષણમાં આગળ વધો એવી ભલામણ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.



## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા આયોજિત દ્વિતીય વાલી સંમેલન

તારીખ ૧૯-૨-૨૦૨૩ રવિવાર, વિક્રમ સવંત ૨૦૭૯, મહા-વદ ચૌદસના રોજ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી ઘનશ્યામ બાલ-બાલિકા મંડળના વાલીઓનાં પૂજનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. માતૃદેવો ભવઃ અને પિતૃદેવો ભવઃ ની ભાવના બાળકોમાં દઢ થાય અને સંસ્કારોનું સિંચન થાય એ હેતુથી કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમથી ભાવવિભોર બનેલ વાલીઓ તથા બાલક બાલિકાઓએ પોતાની લાગણીઓ અભિવ્યક્ત કરી હતી, જેમાં વાલીઓ મંદિરમાં ચાલતી અનેક પ્રવૃત્તિઓ દ્વારા એમના બાળકોમાં આવેલ દિવ્ય અને સકારાત્મક પરિવર્તનો અને ભગવાન તથા સંતોનાં આશીર્વાદનો પ્રતાપ પોતાના શબ્દોમાં અભિવ્યક્ત કર્યો હતો.

બાલ બાલિકાઓએ માતા પિતાનું અક્ષત, પુષ્પ, કુમકુમ, ચંદન, આદિ દ્વારા પૂજન આરતી અને ચરણ વંદના જેવી સનાતન પરંપરાગત વિધિવત રીતે પૂજન કર્યું હતું. બાળકોએ માતા-પિતાના ચરણનો જમણો અંગુઠો પકડી અને માતા પિતાની સાક્ષીએ સંસ્કારી, આજ્ઞાકારી, દેશભક્ત અને માતા-પિતાને ગર્વ કરાવે એવા સંતાન બનીશું એવા શપથ લીધા હતા.

સ્વામી ઘનશ્યામનંદનદાસજી દ્વારા બાળકોનું સંસ્કારયુક્ત ઘડતર કેવી રીતે થાય એના વિશે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ઘનશ્યામ બાળ મંડળના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો જેમાં વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે ભારતીય ઋષિકાળની સંસ્કૃતિને અને ગુરુકુળ પરંપરાને રજૂ કરતાં નાટક તથા ભારતને આઝાદ કરાવવાની લડાઈમાં શહીદ થઈ ગયેલા ક્રાંતિકારીઓની યાદ અપાવતા અને સ્વતંત્રતા સંગ્રામની વિસરાઈ ગયેલી કુરબાનિઓ અને બલિદાનો યાદ કરાવતા નાટકો રજૂ કરવામાં આવ્યાં હતાં.

આ કાર્યક્રમમાં શહેરના હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કો. સ્વામી રામાનુજદાસજીએ કર્યું હતું. -ગિરીશભાઈ ઝાલા













I LOVE YO
NAMA-PAPA











## શ્રી સ્વામિનારાયણ મંદિર - અંજાર

અંજાર શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં મંદિર અંજાર મંદિરના મહંત સ.ગુ.સ્વામી નિરન્તમુક્તદાસજી, સ.ગુ.સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી, પુ.સ્વામી મહાપુરૂષદાસજી, કોઠારી પુ.સ્વામી સંતજીવનદાસજી તથા કોઠારી પુ.સ્વામી હરિમુકુન્દદાસજી આદિ સંત મંડળના સમગ્ર સંતોના શુભ સંકલ્પથી.

તા.૨૧/૦૧/૨૩ ના રોજ શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં સર્વમંગલ સહસ્ત્ર નામાવલીનું પઠન કરવામાં આવ્યું,આ પ્રસંગે ઘણા બહેનો અને સા.યો.બહેનો દ્વારા પાઠ થયેલ હતા. યજમાન તરીકે અંજારના કનૈયાલાલ મોહનલાલ કોડરાણી હસ્તે સુપુત્ર દિવ્યકુમાર તથા વિવેકકુમાર સપરિવાર થયેલ અને પ્રસંગ બાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### શિક્ષાપત્રી પૂજન

તા.૨૬-૦૧-૨૦૨૩ ના રોજ સવારે ૬ થી ૮ દરમ્યાન શિક્ષાપત્રી પૂજન યોજાયેલ જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ ભાગ લીધેલ. અંજાર મંદિરમાં ધામધૂમથી શિક્ષાપત્રીનું ચંદન, ચોખા, ફુલ, તુલસીપત્રથી સંતો દ્વારા વિધિવત પૂજન કરવામાં આવ્યું, આ પૂજન અંજાર મંદિરમાં વડિલ સ.ગુ.સ્વામી નિરન્નમુક્તદાસજીની ઉપસ્થિતિમાં યોજાયેલ હતો. જેમા યજમાન પરિવાર તથા સર્વે ભક્તજનો જોડાયેલા હતા. પૂજન પુ.સ્વામી હરિમુકુન્દદાસજીએ કરાવ્યું હતું. પૂજન બાદ પ્રસાદનું વિતરણ કરાયેલ હતું.

### મહાશિવરાત્રી ઉત્સવ

સંવત ૨૦૭૯ મહા વદ-૧૩, તા.૧૮-૦૨-૨૦૨૩ના રોજ મહાશિવરાત્રી મહોત્સવ ખૂબ ધામધુમથી ઉજવવામાં આવેલ. સવારે ૮ થી ૧૦ દરમ્યાન પિપલેશ્વર મહાદેવ મંદિરે પૂજન તથા સભાનું આયોજન રાખેલ હતું. જેમાં સંતો તથા સાં.યો.બહેનો આ મહોત્સવમાં જોડાયેલ હતાં. પૂજન મંદિરના ગોર યોગેશભાઇ શાસ્ત્રીએ કરાવેલ અને અંતમાં ભક્ત જનોને પ્રસાદનું વિતરણ કરાયેલ હતુ.પૂજન - દર્શનનો લાભ લેવા સર્વે બહોળી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા.કાર્યક્રમોને સફળ બનાવવા સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી, કોઠારી પુ.સ્વામી સંતજીવનદાસજી, કોઠારી પુ.સ્વામી હરિમુકુન્દ દાસજી આદિ સંતો તથા સાં.યો. બહેનો તેમજ હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક, યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.- મેહુલભાઇ ઠકકર, અંજાર

## થાણા અને પવઈ સત્સંગ ભવન પાટોત્સવ - મુંબઈ







## શ્રી સહજાનંદ ગુરુકુળ-માનકુવા ખાતે ઉજવાયો 'માતૃપિતૃ વંદના' કાર્યક્રમ

શ્રી સહજાનંદ ગુરુકુળ-માનકુવા મધ્યે શ્રી પુરૂષોત્તમ વિદ્યાલય- ગુજરાતી માધ્યમ અને એસ.એસ.જી.એમ. સ્કૂલ (C.B.S.E.)- અંગ્રેજી માધ્યમના સંયુક્ત ઉપક્રમે તા.૧૪-૨-૨૦૨૩ના રોજ બાળકોમાં સંસ્કારની સાથે સાથે માતા પિતા પ્રત્યેની ફરજ, પૂજ્ય ભાવ, સેવા ભાવના ટકી રહે, 'માતૃદેવો ભવ''પિતૃદેવો ભવ'ની વૈદિક પરંપરા સંવર્ધિત થતી રહે તેવા શુભ આશય સાથે 'માતૃપિતૃ વંદના'કાર્યક્રમ યોજાઇ ગયો.

આ પ્રસંગે માંડવી મંદિરના મહંત મંડળધારી સ.ગુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ સ્વામી શ્રીહરિદાસજી શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ સંતો,તેમજ ભુજ મંદિરથી કોઠારી પાર્ષદ ખીમજી ભગત પધારી કરી સર્વે વિદ્યાર્થીઓ એવં વાલીશ્રીઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂજ્ય સંતોના સાનિધ્યમાં ધૂન અને પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા માતા-પિતાના મહત્વને કેન્દ્રમાં વિષય રાખી જુદી જુદી નૃત્ય અને નાટ્ય કૃતિઓ રજૂ કરવામાં આવી.સાથે સાથે બંને માધ્યમના બાળકો દ્વારા ગુરુકુળના શિક્ષણ સાથેના સંસ્કાર વારસાના સ્વાનુભવો અભિવ્યક્ત કરવામાં આવ્યા. ત્યારબાદ ભક્તજનો અને વિદ્યાર્થીઓ દ્વારા પૂજ્ય સંતો તેમજ સાંખ્યયોગી બહેનોનું સન્માન કરવામાં આવ્યું અને આશીર્વાદ લેવામાં આવ્યા. ગુજરાતી માધ્યમના આચાર્ય શ્રી મદનસિંહ ચાવડાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પશ્ચિમી સંસ્કૃતિના પ્રતિક સમાન વેલેન્ટાઇન ડેની ઉજવણીના બદલે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા એવા 'માતૃપિતૃ પૂજન'કાર્યક્રમનો આશય સ્પષ્ટ કર્યો હતો. તેમજ  વિદ્યાર્થીના જીવન ઘડતરમાં માતા પિતાની ભૂમિકા સંદર્ભે વક્તવ્ય આપ્યું હતું.પૂજ્ય શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ ગુરુકુળ દ્વારા આયોજિત પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી. તેમજ ભવિષ્યમાં સમગ્ર ભારતરાષ્ટ્ર આજનો દિવસ માતૃપિતૃ પૂજન કાર્યક્રમથી જ ઉજવે તેવી અપેક્ષા સેવવાની સાથે ભાવ સભરવાણીમાં પ્રસંગ અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું.










ત્યારબાદ ભૂદેવ શા. અજય મહારાજ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી બાળકો દ્વારા માતૃ પિતૃ પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં વૈદિક પરંપરાને ધ્યાનમાં રાખીને સંસ્કૃત મંત્રોચ્ચાર તથા ગીત-સંગીતના સથવારે પૂજન વિધિ કરવામાં આવી હતી. બાળકો દ્વારા માતા પિતાને સંબોધીને લખાયેલ પત્ર માતા- પિતાના ચરણોમાં સમર્પિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકો તેમજ માતા પિતા સાથેના હર્ષ અશ્રુ સાથેના, હૂંફભર્યા મિલનના ભાવ સભર દ્રશ્યો સર્જાયા હતા.

માનકુવા-ભક્તિનગરનાં પૂજનીય સાંખ્ય યોગી બહેનોએ બાળકોના જીવન ઘડતરમાં ઉત્તમ ભૂમિકા રૂપ માતા પિતા વિષય સંદર્ભે આશીર્વચન પાઠવ્યા હતા.

ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકો દ્વારા 'આર્ટ એન્ડ ક્રાફ્ટ'તથા વિજ્ઞાનની જુદી જુદી કૃતિઓના પ્રદર્શનની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં જુદા જુદા તહેવારો તેમજ કેટલીક શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઝાંખી કરાવતી કૃતિઓ રાખવામાં આવેલી હતી જેને બાળકો અને તેમના વાલીશ્રીએ ઉત્સાહપૂર્વક નિહાળી હતી. બંને માધ્યમના વાલીશ્રી દ્વારા કાર્યક્રમના પ્રતિભાવો વ્યક્ત થયા હતા.

સમાપન વેળાએ અંગ્રેજી માધ્યમના આચાર્યશ્રી અરવિંદભાઈ ગોયલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ગૌતમભાઈ કેલાએ સંભાળ્યું હતું. ગુરુકુળના સંચાલક સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી ધ્યાન સ્વરૂપદાસજી, સ્વામી નિલકંઠદાસજીનું માર્ગદર્શન સાંપડ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં ગુજરાતી માધ્યમના આચાર્યશ્રી મદનસિંહ ચાવડા, અંગ્રેજી માધ્યમના આચાર્યશ્રી અરવિંદભાઈ, હાર્દિકભાઈ વ્યાસ, સૌરભભાઈ શ્રીવાસ્તવ, હરેશભાઈ પટેલ, વિપુલભાઈ રાવલ, ઉર્વશીબેન હિરાણી, જેલમબેન જેઠી વગેરે શિક્ષકોએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ખડીર રાપર વાગડ વિસ્તારમાં ફરતાં દવાખાનાનો પ્રારંભ

તા. ૨૧-૦૨-૨૦૨૩ આજ રોજ ભુજ મંદિર દ્વારા પૂ. મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં બીજા ફરતા દવાખાનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કચ્છના અતિ અછતગ્રસ્ત અંતરિયાળ વાગડના ખડીર વિસ્તારમાં જયાં મેડિકલની તાતી જરૂર છે એવા વિસ્તારમાં આજ રોજ બાલાસર ગામે આ ગાડીનું ઉદ્‌ઘાટન અને વિધિવત ચાંદલો કરી પ્રારંભ કરાયો. આ ઉદ્‌ઘાટનમાં ભુજ મંદિરના સંતો પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી રાપર ગુરુકુળ સંચાલક પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા.સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ સંતો સાથે રાપરના વિધાયક માનનીય વિરેન્દ્રસિંહ જાડેજા રહ્યા હતા. આ સિવાય ખડિર વિસ્તારના અનેક ગામોના પ્રતિનિધિઓ સમાજના અગ્રણીયો તથા બાલાસરના નાના મોટા ગ્રામજનોએ ઉપસ્થિત રહી આ કાર્યને આવકાર્યું હતું અને ભુજ મંદિરનો આભાર વ્યક્ત કર્યો હતો.

આવું દવાખાનું માંડવી - મુન્દ્રા વિસ્તારમાં ૮ મહિનાથી ચાલે જ છે. આ રાપર ભચાઉ તાલુકાને કવર કરશે. આશા છે આ કાર્ય નિર્વિઘ્નપણે લોકોની સેવા કરતું રહેશે. શા.સ્વામી દેવચરણદાસજીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.












## ત્રિરાત્રીય સત્સંગ સભા શાકોત્સવ - નખત્રાણા

પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા ભુજ મંદિરના મહંત સદ્દગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નખત્રાણા મધ્યે ત્રિરાત્રીય સત્સંગ સભા એવં ભવ્ય શાકોત્સવ તા. ૧૬-૦૨-૨૦૨૩ ગુરુવાર થી તા. ૧૯-૦૨-૨૦૨૩ રવિવાર સુધી ધામધૂમથી ઉજવાયો હતો. ત્રિરાત્રીય સત્સંગ સભા મંદિરમાં ઠાકોરજીના સાનિધ્યમાં તા. ૧૬ થી ૧૮ સુધી કરવામાં આવી હતી. જેમાં સદ્દગુરુ મંજુકેશાનંદ સ્વામી રચિત ગ્રંથ ઐશ્વર્યપ્રકાશ અંતર્ગત સત્સંગી બહેનો પુરુષોને આપેલ ઐશ્વર્યની






અદ્‌ભુત કથા કરવામાં આવી હતી. જેમાં વક્તા પદે પુ.સ્વામી શ્યામકૃષ્ણદાસજી રહ્યા હતા. નખત્રાણા ગામના ભક્તો અલગ અલગ દિવસે પ્રસાદના યજમાનો થઈ આનંદ પ્રાપ્ત કર્યો હતો. કથાના અંતે પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧૯-૦૨-૨૦૨૩ રવિવારના રોજ દર વર્ષની જેમ આ વર્ષે ખૂબ ધામધૂમથી શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ કોડાઈ તેમજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ મથલથી સંતો પધાર્યા હતા. જેમાં વક્તા તરીકે સ્વામી શ્યામકૃષ્ણદાસજી વ્યાસાસને બિરાજી કથા સંભળાવી હતી. કથાના અંત ભાગમાં પૂજ્ય સંતોના વરદ્ હસ્તે શાકનો વઘાર કરવામાં આવ્યો હતો ત્યારબાદ કોડાઈ ગુરુકુળથી પધારેલ શા. સ્વામી કૃષ્ણજીવનદાસજી, પુરાણી સ્વામી ચંદ્રપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી જગતવિહારીદાસજીએ પણ આશીર્વાદ પાઠવ્યા હતા. આ શાકોત્સવ પ્રસંગે અબડાસા વિસ્તારના ધારાસભ્ય માનનીય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા સહિત રાજદ્વારેથી પણ મહેમાનો આવીને સંતોના આશીર્વાદ લીધા હતા.

અબડાસા વિસ્તારના ગામો ગામથી સાંખ્યયોગી બહેનો શાકોત્સવમાં પધારી બહેનોને સત્સંગનો દિવ્ય લાભ આપ્યો હતો. શાકોત્સવમાં ૫૦૦ થી વધારે ભક્તો આવીને કથા સંતોના આશીર્વાદ તેમજ પ્રસાદ લઈને જીવન ધન્ય બનાવ્યું હતું. આ ઉત્સવમાં નખત્રાણા ગામના ભક્તોએ ખૂબ સેવા કરી હતી બહેનોએ રોટલા બનાવવાની જવાબદારી તેમજ હરિભક્તોએ વિવિધ જવાબદારી સ્વીકારીને ઉત્સવને સફળ બનાવ્યો હતો.

રાત્રે સત્સંગ સભા એવં શાકોત્સવનું સંપૂર્ણ માર્ગદર્શન પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજી આપ્યું હતું.

-પુ.સ્વામી શ્યામકૃષ્ણદાસજી

## ૨૪મો વાર્ષિક પાટોત્સવ એવં સંતવંદના મહોત્સવ - વિલેપાર્લે (મુંબઈ)

તા.૨૫-૦૧-૨૦૨૩ થી ૨૯-૦૧-૨૦૨૩ દરમિયાન શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન વિલેપાર્લે મુંબઈમાં બિરાજતા શ્રી ઠાકોરજીનો ૨૪મો વાર્ષિક પાટોત્સવ એવં સંતવંદના મહોત્સવ ધામધૂમથી ઉજવાયા. આ પ્રસંગે પુરુષોત્તમપ્રકાશ પંચાહ્ન પારાયણનું આયોજન થયું હતું. જેના વક્તાપદે પુ. સ્વામી હરિકૃષ્ણદાસજી અને શા. સ્વામી આનંદવલ્લભદાસજીએ સંગીતના સથવારે સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે ભવ્ય પૌથીયાત્રા યજમાનશ્રીના નિવાસ સ્થાનેથી નીકળી વાજતે ગાજતે મંદિરના પટાંગણમાં આવી હતી. વિલેપાર્લેના સંચાલક સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, સ.ગુ.સ્વામી નારાયણવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી, સ્વામી દેવજીવનદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી આદિ સંતો તેમજ યજમાનશ્રીઓના વરદ્ હસ્તે દીપપ્રાગટય કરી કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કથા પ્રસંગે શ્રી નરનારાયણદેવ આરાધના, ઘનશ્યામ જન્મોત્સવ, રાજાધિરાજ ઉત્સવ, ભુજ આગમન મહોત્સવ, ફૂલદોલોત્સવ જેવા પ્રસંગો ઉજવવામાં આવ્યા હતા. પ્રતિદિન શ્રી ઠાકોરજી સન્મુખ, બદ્રીફળ, સ્ટ્રોબરી, સુકોમેવો વિગેરે અન્નકૂટના રૂપમાં થાળ જમતા દિવ્ય દર્શનની ઝાંખી સૌ સંતો ભક્તોએ કરી હતી. આ પ્રસંગે ભુજ મંદિરથી સ.ગુ.કો. પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ.કો. સ્વામી દેવપ્રકાશદાસજી, માંડવી મંદિરના મહંત સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ સંતો પધાર્યા હતા. આ પ્રસંગે અ.નિ. સ.ગુ.સ્વામી ભક્તિવલ્લભદાસજીએ આ વિશ્રાંતિ ભવનનું નિર્માણ કર્યું હતું. જેનો આજ દિન પર્યંત સૌ ભક્તજનો લાભ લઈ રહ્યા છે અને સ્વામીની સ્મૃતિમાં આ સંતવંદના મહોત્સવ પણ ઉજવાઈ રહ્યો છે. સાથે પાયાના હરિભક્તોને પણ યાદ કર્યા હતા. દેશ-વિદેશના હરિભક્તો આ ઉત્સવના યજમાન બન્યા હતા. સ.ગુ.

સ્વામી દેવકૃષ્ણદાસજીએ, સ.ગુ.સ્વામી ભક્તિવલ્લભદાસજી સાથેના અતૂટ સબંધની માહિતી આપી પરોપકાર માટે સ્વામી ઘણી સેવા માનવ કલ્યાણની કરી અને કરાવી છે. જેના સ્વયં સાક્ષી રહ્યા છે.

સ્વામી દેવપ્રકાશદાસજીએ મુંબઈના વધતા સત્સંગીને વધુ પ્રોત્સાહન મળે તે માટે જયાં જયાં સત્સંગના સ્થાનોની જરૂર હશે, ત્યાં ભુજ મંદિર નિર્માણ કરી આપશે એવું જણાવ્યું અને સૌને શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ પણ પાઠવ્યું હતું. આ પ્રસંગે અદ્‌ભુત શ્રી ઠાકોરજીની શોભાયાત્રાનું આયોજન થયું હતું.

થાણા અને પ્રસાદી મંદિર ભુજથી પણ સંતો પધાર્યા હતા તેમજ ગામ નારણપર, મેઘપર, સુરજપર, દૂધઈ, આધોઈ, રાપર આદિ ગામોથી સાં.યો. બહેનોએ પધારી સત્સંગનો લાભ આપી અને ભવ્ય મહિલામંચનું દિવ્ય આયોજન થયું હતું. તા. ૨૯-૦૧-૨૦૨૩ના સવારે ગામદેવી વિશ્રાંતિ ભવનમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ પણ સંતો અને ત્યાંના સ્થાનિક હરિભક્તોએ મળી ધામધૂમથી ઉજવ્યો હતો. સભાનું સંચાલન શા.સ્વામી ધર્મચરણદાસજીએ સંભાળ્યું હતું. આ પ્રસંગે આઈરોલી, યુ.કે. અને ઓસ્ટ્રેલિયાથી પણ હરિભક્તોએ ખાસ હાજરી આપી હતી.

વિલેપાર્લે યુવક મંડળ અને મહિલા મંડળે ખૂબ જ ખંતથી આ પ્રસંગે સેવા કરી હતી જેની સંતોએ નોંધ લીધી હતી.

- શા.સ્વામી આનંદવલ્લભદાસજી








# સત્સંગ સમાચાર - વિદેશ

## ૬૩મો વાર્ષિક પાટોત્સવ - શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર – મોમ્બાસા

મોમ્બાસા મંદિરમાં પધરાવેલ સહજાનંદ સ્વામી આદી મુર્તિઓનો ૬૩મો વાર્ષિક પાટોત્સવ, આપણી શિક્ષાપત્રી જયંતી, વસંત પંચમી અને આ વખતે યોગાનુયોગ, તા ૨૬-૦૧-૨૦૨૩,ના આપણાં રાષ્ટ્રપર્વના, ૭૪માં ગણતંત્રનાં શુભ દિને આવેલ હતી

આ શુભ અવસરે, મોમ્બાસા મંદિર તરફથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ભુજના ઉપલક્ષમાં ધાર્મિક, સામાજીક, અનેક શૈક્ષણિક અને આરોગ્ય લક્ષી કાર્યો હાથ ધરાયેલ છે જેમાં તા. ૧૫-૦૧-૨૦૨૩ રવિવાર મકર સંક્રાંતિનાં પવિત્ર દિને સવારે મંદિરથી શ્રી સ્વામિનારાયણ એકેડેમી સુધી સાઇક્લીંગ સ્પર્ધા રાખેલ હતી. જેમાં આપણા સત્સંગી ભાઈઓ બહેનો અને વડિલોએ પણ આનંદ ઉલ્લાસથી ભાગ લીધેલ હતો. આપણી સ્વામિનારાયણ એકેડેમી ઉપર ઉતરાયણનો પણ કાર્યક્રમ રાખેલ હતો. બપોરે પ્રસાદરૂપી ભોજન સર્વે સત્સંગઓ માટે રાખેલ હતુ. અને સંક્રાંતના શુભ અવસરે, અહિના દિવ્યાંગ બાળકોને ભોજનરૂપી દાન આપવામાં આવેલ હતુ. તે ઉપરાંત આપણા ભવ્ય ઉત્સવ અંતર્ગત અખંડ ધૂન, પ્રભાતફેરી અને દ્વિશતાબ્દીનાં શ્રી નરનારાયણદેવ પાર્થના સ્તોત્રમ કંઠસ્થ કરેલ બાળકો અને બાલિકાઓને પ્રોત્સાહન માટે ઈનામો આપવામાં આવેલ હતાં.

આ પાટોત્સવના શુભ અવસરે શ્રી શિક્ષાપત્રી ભાષ્ય સપ્તાહ પારાયણનું આયોજન કરેલ હતું કથાના વક્તા આપણા ભુજ  શ્રી સ્વામિનારાયણ મંદિરનાં સદ્‌ગુરૂ પુરાણી સ્વામિ શ્રી લક્ષમીપ્રસાદદાસજીનાં મંડળનાં સંતો પધારેલ સ.ગુ પુરાણી સ્વામી શાંતીપ્રિયદાસજી આદી સંતોએ વ્યાસાસન પર બિરાજી સરળ-સાદી મધુર ભાષામાં કથાનું રસપાન કરાવેલ હતું.

કથાની શુભ શરૂઆતના આગલે દિવસે સાંજે પોથી યાત્રા રાખી હતી. દર રોજ જુદા જુદા દાનવીર દાતાઓનો સહયોગથી સાંજે જુદા જુદા ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. જેમાં બીજા દિવસે ભક્તિ સમર્પણ ઉત્સવ ખાસ પહેરવાસની અંદર બાલ મંડળનાં બાળકો દ્વારા ઉજવવામાં આવેલ, ત્રીજા દિવસે સુગંધીમાન કેરી ના રસથી ઠાકોરજીનો અભિષેક કરવામાં આવેલ.

ચોથા દિવસે સુકામેવાથી શીક્ષાપત્રીનો અભિષેક કરવામાં આવેલ, પાંચમાં દિવસે આપણો અક દિવસ ૬૩મો વાર્ષિક પાટોત્સવ, શીક્ષાપત્રી જયંતી, વસંત પંચમીના શુભ અવસરે, અભિષેક, અન્નકૂટ દર્શન, ધ્વજારોહણ, અને લેઝીમ તથા બેન્ડ પાર્ટીનાં મધુર સુર સાથે પાટોત્સવની આરતી ઉતારવામાં આવેલ હતી. યોગાનુ યોગ આપણો રાષ્ટ્રપર્વ, ૭૪મો ગણતંત્ર દિન આવતો હોવાથી ભારતનું રાષ્ટ્ર ગીત ત્યાર બાદ કેન્યા દેશનુ રાષ્ટ્ર ગીત





ગાવવામાં આવેલ, અને સાંજે શાકોત્સવ અને મહાપ્રસાદ રાખવામાં આવેલ હતો. આ શુભ અવસરે ભુજ, અંજાર, માંડવી મંદિરના ઠાકોરજીના થાળ, સંતોના ધોતીયા, સાં.યો બાઈઓ ના કાપડા અને ભુજ સમાજના કન્યા અને કુમાર વિદ્યાલયના બાળકો માટે પ્રસાદરૂપી ભોજન અને અહીના સ્થાનીક દિવ્યાંગ બાળકોને મહાપ્રસાદ રૂપી ભોજન આપવામાં આવેલ હતુ.

છઠે દિવસે બાલ મંડળનાં બાળકો દ્વારા યજમાનપદ શોભાવી અને પૂ. સંતોના સાનિધ્યમાં ફુલડોલોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો. છેલ્લા દિવસે કથાની પુર્ણાહુતી કરવામાં આવેલ અને સાંજે ઠાકરથાળી મહોત્સવ, રાસોત્સવ બાદ મહાપ્રસાદ રૂપી ભોજન રાખવામાં આવેલ હતુ.

રવિવારે સવારે ૨૮-૦૧-૨૦૨૩ નાં રોજે સવારે પૂ. સંતોની હાજરીમાં સંગીતના સુર સાથે પ્રભાતફેરી રાખવામાં આવેલ હતી જેમા પૂ સંતોએ આર્શીવાદ પાઠવેલ હતા. લી. મંત્રી શ્રી, ભરતભાઈ માવજી પિંડોરીયા

## ન્યૂઝિલેન્ડ ઓકલેન્ડ ખાતે ભુજ મંદિર નિર્માણનું ભૂમી પૂજન

ન્યૂઝિલેન્ડના ઓકલેન્ડ શહેરમાં વૃંદાવન બાગ ખાતે ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સાથે ૧૭ જેટલા સંતો પધારેલ ત્યારે આફ્રિકા તથા કચ્છના ઉચ્ચ અભ્યાસ માટે ગયેલ યુવાનો









માટે ત્રણ વર્ષ અગાઉ ભુજ મંદિર દ્વારા પાંચ એકરની જગ્યા ખરીદી કરવામાં આવેલ. આ ભૂમી ઉપર ભુજ સ્વામિનારાયણ મંદિર નિર્માણ માટે મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, સ.ગુ.પુ.સ્વામી શ્રીહરિદાસજી તથા સ.ગુ.પુ.સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ ૧૭ જેટલા સંતોના વરદ્ હસ્તે તા. ૨૯-૦૧-૨૦૨૩ ના રોજ ભૂમી પૂજન કરવામાં આવ્યું હતું.

આ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ શ્રી નરનારાયણદેવ મંદિરનાં તાબા હેઠળનું રહેશે અને તે (S.S.M.B.AUCKLAND) આ નામથી ઓળખાશે.

આ ભૂમી પૂજન કાર્યક્રમ દરમ્યાન પધારેલ સંતોનો સૌ હરિભક્તોને સવાર સાંજ કથાવાર્તા, સત્સંગનો વિશેષ લાભ મળ્યો હતો. સંતો હેમલ્ટન, પામસ્ટોન અને વિલેન્ટન શહેરોમાં સંતોની પધરામણી પધાર્યા હતા.

આ પ્રસંગે ઓસ્ટ્રેલીયાંથી મોટી સંખ્યામાં હરિભક્તો પધારેલ હતા અને નૂતન મંદિર નિર્માણ કાર્ય માટે મદદગાર બનેલ હતા. આ પ્રસંગે મહંત સ્વામી તથા અન્ય સંતોના વરદ્ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને નવા બોર - પાર્કીંગ વગેરેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. અને ઠાકરજીનું સર્વમંગલસ્તોત્રથી પૂજન અને મહાઆરતી કરવામાં આવી હતી.

કાર્યક્રમનું સંચાલન શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સંભાળેલ હતું અને સર્વે સંતો તથા હરિભક્તોના સહીયારા પ્રયાસથી આ મંગલમય ઉત્સવ સફળ થયેલ હતો.-સંજયભાઈ - ઓકલેન્ડ

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - ઈષ્ટ લંડન

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈષ્ટ લંડન મધ્યે તા. ૨૫-૦૧-૨૦૨૩થી પાંચ દિવસની પારાયણ યોજાઈ હતી. શ્રી નરનારાયણદેવ મહિમા તેમજ મહારાજની અન્ય લીલાઓનું શ્રવણ ભુજ મંદિરના વિદ્વાન વક્તાશ્રીઓ કરાવ્યું હતું. તા. ૨૮-૦૧-૨૦૨૩ ના રોજ સવારે શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. યજમાન પદ સર્વ હરિભક્તોએ સ્વીકાર્યું હતું. ભુજથી પધારેલ સંતો સ.ગુ.સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી ભક્તવલ્લભદાસજી, ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી, સ્વામી દેવવિહારીદાસજી, સ્વામી ધર્મવત્સલદાસજી ઉપસ્થિત રહી સત્સંગનો લાભ આપ્યો હતો.

તા. ૨૨-૦૧-૨૦૨૩ રવિવારે કુમારી ઇશાની અને ઈશિતા કિશોરભાઈ નારણ વરસાણી માતૃશ્રી કાન્તાબેન કિશોરભાઈ વરસાણી સપરિવાર માનકુવા યજમાન પદે રહ્યો હતો.- અરવિંદભાઈ વેકરીયા - ઈષ્ટ લંડન

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

- ૨૦૧- કરસનભાઈ ઝીણા જેસાણી સપરિવાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા
- ૨૫૦ - કેશવભાઈ અરજણ કેરાઈ લગ્ન નિમિત્તે - ગોડપર સરલી
- ૨૫૧ - રામજીભાઈ વેલજી જેસાણી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા
- ૨૦૦ - ઈશ્વરભાઈ જયંતી હિરાણી જન્મદિવસ નિમિત્તે - ફોટડી
- ૬૦૦ - સાં.યો.લીરબાઈ ફઈ વસંત પંચમીના જન્મદિવસ નિમિત્તે - નારણપર
- ૨૫૧ - પૂજાબેન અક્ષય જેઠી શ્રીમંત પ્રસંગ નિમિત્તે - ભુજ

Shree Swaminarayan Dharmasandesh
RNI No. : GUJ/GUJ/2001/5643
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE
Postal Regd. No. GKCH-158/2021-2023
WPP Lic No. G-PMG-RJT/011/2023/UPTO 31-12-2023

# સુવર્ણ વિજયસ્તંભ ધ્વજારોહણ

## આમંત્રણ



ભવ્યાતિભવ્ય શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના નિર્વિઘ્ન પરિપૂર્ણતા એવં વિશ્વવ્યાપિ થાય એવા શુભ આશયથી **તા.૧૮-૩-૨૦૨૩ શનિવાર, ફાગણ વદ-૧૧ ને સવારે ૮.૦૦** વાગ્યાના શુભ મુહૂર્તે સુવર્ણના સ્તંભ ઉપર ૨૦૦ ફૂટની ઊંચાઈએ વિજયધ્વજ લહેરાવવામાં આવશે.

આ સુવર્ણ વિજયસ્તંભ ધ્વજારોહણ ઉત્સવમાં આપ સર્વ વ્હાલા હરીભક્તોને સપરિવાર પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

## મહોત્સવ સ્થળ : - બદ્રિકાશ્રમ

શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર - ભુજ

**લી. પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના**

**શુભ આશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી**